# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**‘મારા પુત્રને કંઈ પણ થશે તો જવાબદાર ધારાસભ્ય રાજેશ ઝાલા અને તેમનો પીએ’ : હોસ્પિટલની બહાર પિતા પ્રવીણ ડાભીનો હૈયાફાટ આક્રોશ**

# કઠલાલમાં પૂર્વ MLAના ભત્રીજાએ દવા પીતા ગંભીર

### ધારાસભ્ય રાજેશ ઝાલાના પીએ પાસે ઓડીયો રેકોર્ડ કરાવી ગ્રુપોમાં વાયરલ કર્યા બાદ યુવકે ભર્યું આત્યંતિક પગલું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૭

કપડવંજ-કઠલાલના વર્તમાન ધારાસભ્ય અને તેમના અંગત સચિવના ત્રાસથી કંટાળીને કઠલાલના પૂર્વ ધારાસભ્યના ભત્રીજા અને તાલુકા પંચાયત સભ્યના પતિએ ઝેરી પદાર્થ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો છે. ગંભીર સ્થિતિમાં યુવકને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાતા વહીવટી અને રાજકીય વર્તુળોમાં ભારે દોડધામ મચી ગઈ છે. પુત્રની ગંભીર હાલત જોઈ પૂર્વ પ્રમુખ પિતાએ ધારાસભ્ય સામે કાયદાકીય પગલાં ભરવાની માંગ સાથે ગંભીર કેફિયત રજૂ કરી છે.

ખેડા જિલ્લાના રાજકારણમાં જૂથબંધી અને સત્તાના નશામાં આચરાતી કિન્નાખોરીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં ભાજપના જ એક જૂના અને પ્રતિષ્ઠિત નેતાના પરિવારે પાયમાલ થવાનો વારો આવ્યો છે. કઠલાલ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પ્રવીણ ડાભીના 28 વર્ષિય પુત્ર જીગ્નેશ ડાભીએ પોતાના નિવાસસ્થાને કોઈ ઝેરી દવા પી લીધી હતી. આ બાબતની જાણ થતાં જ પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે કઠલાલની જનતા હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં હાલ તેમની સ્થિતિ ચિંતાજનક હોવાનું જાણવા મળ્યું છે. આ આત્મહત્યાના પ્રયાસ પાછળ સત્તાધારી પક્ષના જ કપડવંજના ધારાસભ્ય રાજેશ ઝાલા અને તેમના પીએ સામે સીધી આંગળી ચીંધવામાં આવી રહી છે.

આ અંગે ભોગ બનનારના પિતા પ્રવીણ ડાભીના જણાવ્યા અનુસાર, કપડવંજના ધારાસભ્ય



રાજેશ ઝાલા અને તેમના પીએ યશરાજ દ્વારા સોશિયલ મીડિયાના અલગ-અલગ ગ્રૂપમાં એક વાંધાજનક ઓડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. આ ઓડિયો એટલો વિવાદાસ્પદ હતો કે તેનાથી આખો ડાભી પરિવાર ભારે સામાજિક મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો અને સગા-સંબંધીઓએ તેમની સાથે વ્યવહાર બંધ કરી દીધા હતા. આ ઓડિયોમાં ધારાસભ્ય પોતે બોલ્યા નથી, પરંતુ તેમના પીએ યશરાજે જીગ્નેશને વાતોમાં ફોસલાવીને આ ઓડિયો કાવતરાપૂર્વક રેકોર્ડ કર્યો હતો અને ત્યારબાદ રાજકીય દ્વેષભાવ રાખીને તેને વાયરલ કરવામાં આવ્યો હતો. આ વાઈરલ ઓડિયોના કારણે પરિવારમાં મોટો વિક્ષેપ પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી, જેનાથી વ્યથિત થઈને યુવકે આ પગલું ભર્યું છે.

હોસ્પિટલની બહાર સ્થાનિક લોકોના એકઠા થયેલા અસંખ્ય સમર્થકો વચ્ચે પ્રવીણ ડાભીએ આક્રોશ વ્યક્ત કર્યો હતો કે, તેમનો દીકરો અત્યારે મરણ



પથારીએ છે. જો સારવાર દરમિયાન તેના જીવને કોઈ જોખમ ઊભું થશે તો તેના માટે સીધા કપડવંજના ધારાસભ્ય અને તેમના પીએ યશરાજ જવાબદાર રહેશે અને તેમની સામે કાયદાકીય રીતે ગુનો દાખલ થવો જોઈએ. સત્તાના જોરે જૂના કાર્યકરોને હેરાન કરતા નેતાઓ સામે પક્ષના વરિષ્ઠ આગેવાનો તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ પણ પંથકના લોકોમાં ઊઠી રહી છે. ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે પહોંચી ગયો છે અને આગળની વહીવટી કાર્યવાહી હાથ ધરી છે.

#### જૂના નેતાઓની અવગણનાથી રોષ

કઠલાલ વિધાનસભા મતવિસ્તારમાં રાજેશ ઝાલાના ધારાસભ્ય બન્યા બાદથી જ પૂર્વ ધારાસભ્ય કનુભાઈ ડાભી પક્ષની આંતરિક વહીવટી પદ્ધતિથી નારાજ ચાલી રહ્યા છે. પક્ષમાં સતત જૂના નેતાઓની અવગણના કરવી, સ્થાનિક કાર્યકરોને વિશ્વાસમાં ન લેવા અને ધારાસભ્ય દ્વારા એકહથ્થુ નિર્ણયો લેવા સહિતના પ્રશ્નો વારંવાર સપાટી પર આવ્યા છે, જેનો ભોગ આખરે કાર્યકરો બની રહ્યા છે.

#### જીગ્નેશ અચાનક બીજી રૂમમાં ગયો અને..

ભોગ બનનાર યુવકના પિતા પ્રવીણ ડાભીએ જણાવ્યું હતું કે, સવારના સમયે પરિવારના તમામ સભ્યો ઘરમાં સાથે બેઠા હતા, તે દરમિયાન જીગ્નેશ અચાનક ઊભો થઈને બાજુના રૂમમાં જતો રહ્યો હતો. લાંબા સમય સુધી તે રૂમનો દરવાજો ન ખૂલતા પરિવારે તપાસ કરી ત્યારે તે અંદર ઝેરી દવા પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. હાલ હોસ્પિટલના વરિષ્ઠ તબીબો સારવાર કરી રહ્યા છે અને દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર દર્શાવી રહ્યા છે.

#### ડાભી પરીવારનું કઠલાલ-કપડવંજમાં દબદબો

આ આખી ઘટના જે પરિવાર સાથે બની છે તે કઠલાલ પંથકમાં ખૂબ મોટું રાજકીય કદ ધરાવે છે. જીગ્નેશ ડાભીના પત્ની આરતીબેન ડાભી હાલમાં જ ભાજપની ટિકિટ પર કઠલાલ તાલુકા પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટાયેલા છે. વળી, જીગ્નેશના પિતા પ્રવીણ ડાભી કઠલાલ તાલુકા પંચાયતના પ્રમુખ રહી ચૂક્યા છે અને તેમના સગા કાકા કનુભાઈ ડાભી કઠલાલ વિધાનસભા બેઠકના પૂર્વ ધારાસભ્ય રહી ચૂક્યા હોવાથી સંગઠનમાં તેમનો મોટો દબદબો છે.

#### પક્ષે બધુ આપવા છતાં ડાભી પરીવારે કોંગ્રેસનું કામ કર્યુ

ધારાસભ્ય રાજેશ ઝાલાએ જણાવ્યુ હતુ કે, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કનુભાઈ ડાભી અને તેમના પરીવારે પક્ષની વિરુદ્ધમાં કામ કર્યુ હતુ. જે બાબતે મેં કનુભાઈને જણાવ્યુ હતુ કે, તમને આટલા સમયમાં પક્ષે શું નથી આપ્યુ? છતાં તમે પક્ષની વિરુદ્ધ કેમ કામ કરી રહ્યા છો..જેથી કનુભાઈએ કહ્યુ હતુ કે, તમે એક પુરાવો આપો, તે બાદ મેં તેમને એમના જ ભત્રીજાનો ઓડીયો મોકલ્યો હતો. જે બાદ તેમના પરીવારે ભત્રીજાને ઠપકો આપ્યો હતો અને જીગ્નેશને લાગી આવતા ફીનાઈલ પીધુ છે, હવે એમાં મારો શું વાંક?

# નડિયાદમાં ટેટ પરીક્ષાને લઈ શિક્ષકો ધરણા કરશે

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૭

ખેડા જિલ્લાના નડિયાદ ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોને ટેટ (TET) પરીક્ષામાંથી મુક્તિ અપાવવાની પ્રબળ માંગ સાથે જિલ્લા કક્ષાના ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. લાંબા સમયથી સરકાર સમક્ષ વિવિધ સ્તરે રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર ઉકેલ ન આવતા અંતે સંગઠન દ્વારા આંદોલન છેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ આયોજનના ભાગરૂપે આગામી ૧૮મી તારીખ અને ગુરુવારના રોજ બપોરે ૧:૩૦ કલાકે નડિયાદ સ્થિત નવી જિલ્લા પંચાયત કચેરીની બરાબર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ થશે. સંગઠન દ્વારા જિલ્લાના તમામ શિક્ષકોને ‘ચાલો નડિયાદ’ અને ‘હો જાવો તૈયાર’ ના નારા સાથે આ લડતમાં જોડાવા માટે હાકલ કરવામાં આવી છે.

આ વિરોધ પ્રદર્શનનો મુખ્ય હેતુ વર્ષોથી ફરજ બજાવતા અનુભવી શિક્ષકોને ફરજિયાત ટેટ પરીક્ષા આપવાના નિયમમાંથી કાયમી મુક્તિ અપાવવાનો છે. “શિક્ષક હિત એ જ રાષ્ટ્ર હિત અને અનુભવનું સન્માન થવું જોઈએ તેવી ભાવના સાથે શિક્ષકો પોતાના હકો માટે એકજૂથ થશે. શિક્ષકોના આ આક્રમક વલણને પગલે સ્થાનિક વહીવટી તંત્ર પણ સાબદું થઈ ગયું છે અને આગામી સમયમાં આ આંદોલન કેવું સ્વરૂપ ધારણ કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

**ચરોતરમાં ૫ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે : ખેડૂતોને હાલ વાવણીમાં ઉતાવળ ન કરવા સલાહ**

# ચોમાસું સામાન્યથી ઓછું રહેવાનો વર્તારો

### ખેડૂતોને પિયતની સગવડ હોય તો જ આગોતરા વાવેતરનું આયોજન કરવા કૃષિ યુનિ.નું માર્ગદર્શન

(પ્રતિનિધિ) આણંદ તા. ૧૭

આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી સંયુક્ત યાદી મુજબ, આણંદ જિલ્લામાં આગામી ૧૭મી જૂનથી ૨૧મી જૂન દરમિયાન આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેવાની સંભાવના છે. જોકે, આગામી પાંચ દિવસ દરમિયાન વાવણી લાયક વરસાદની શક્યતા નહિવત હોવાથી ખેડૂતોને વરસાદ આધારિત વાવણી હાલ પૂરતી ટાળવા અને કૃષિ સલાહ મુજબ આયોજન કરવા જણાવાયું છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા દક્ષિણ-પશ્ચિમ ચોમાસું-૨૦૨૬ દરમિયાન સામાન્ય કરતા ઓછા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને ખેડૂતોને યોગ્ય ખરીફ પાકો અને જાતોની પસંદગી કરવા સૂચન અપાયું છે. ખાસ કરીને ઉભા પાકોમાં જમીનના પ્રકાર મુજબ વહેલી સવાર અથવા સાંજની સમયે પિયત આપવાની સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત પશુપાલકોને ચોમાસાની શરૂઆતમાં પશુઓને ગળસુંઢો અને ખરવા-મોવાસા જેવા રોગો સામે સમયસર રસી મુકાવવા ભલામણ કરવામાં આવી છે. અલબત્ત, છેલ્લા સપ્તાહમાં તાપમાન 39 ડિગ્રી આસપાસ રહ્યું છે.

#### વિવિધ પાકો માટે કૃષિ માર્ગદર્શન

- **ડાંગર:** જે ખેડૂતો પાસે પિયતની સગવડ છે, તેમણે ડાંગરના ધરૂડિયા તૈયાર કરવા માટે કામગીરી શરૂ કરવી. વહેલી પાકતી જાતોમાં જીઆર-૫, ૮, ૯ અને મધ્યમ મોડી પાકતી જાતોમાં જીઆર-૧૧, ૧૩ જેવી જાતોની પસંદગી કરવી. બીજને રોગમુક્ત કરવા માટે કાર્બેન્ડાઝીમ અથવા થાયરમ દવાનો પટ આપવો અનિવાર્ય છે.
- **કપાસ:** પિયતની સગવડ હોય તો જૂન મહિનામાં આગોતરું વાવેતર કરી શકાય, પરંતુ વરસાદ આધારિત વાવેતર માટે જુલાઈના બીજા અઠવાડિયા સુધી રાહ જોવી હિતાવહ છે.
- **કેળ:** વધુ પવનની શક્યતાને જોતા ઉભા પાકને લાકડા કે વાંસનો ટેકો આપવો અને પવન અવરોધક વાડ કરવી.

#### ચરોતરમાં ૨૧ જૂન સુધી હવામાન કેવું રહેશે?

**મહત્તમ તાપમાન :** ૪૦ ડિગ્રી સે.
**લઘુત્તમ તાપમાન :** ૨૮ થી ૨૯ ડિગ્રી સે.
**ભેજનું પ્રમાણ :** ૩૫ થી ૭૦ ટકા
**પવનની ઝડપ :** ૧૬ થી ૨૦ કિમી/કલાક (દક્ષિણ-પશ્ચિમ દિશા)

# દુષ્કર્મ કેસમાં નરાધમને ૨૦ વર્ષની સખત કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા. ૧૭

મહેમદાવાદના વરસોલા ગામમાં ૧૬ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં નડિઆદની સ્પેશિયલ પોક્સો કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સદામહુસેન મલેકને ૨૦ વર્ષની આકરી સખત કેદ અને કુલ રૂ. ૩૫ હજારના દંડની સજા ફટકારી છે.

મહેમદાવાદના વરસોલા કસબામાં રહેતા સદામહુસેન યુસુફભાઈ મલેકે ૧૧મી જૂન ૨૦૨૧ના રોજ ૧૬ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કર્યું હતું. બાદમાં સગીરાને આંતરસુંબા નદીના કોતરોમાં લઈ ગયો હતો અને ત્યાં તેની મરજી વિરુદ્ધ અવારનવાર બળાત્કાર ગુજારી શોષણ કર્યું હતું. આ અંગે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ અને ઈ.પી.કો.ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

આ કેસ નડિઆદના સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો. સરકારી વકીલ યોગીબેન કે. બારોટે રજૂ કરેલા મજબૂત દસ્તાવેજી પુરાવા અને સાહેદોની જુબાનીને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવ્યો હતો. અદાલતે પોક્સો એક્ટ હેઠળ ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત અપહરણની વિવિધ કલમો હેઠળ પણ સજા અને દંડની જોગવાઈ કરી છે. મહત્વનું છે કે, ભોગ બનનાર પીડિતાને વળતર પેટે રૂ. એક લાખ ચૂકવવાનો પણ કોર્ટે આદેશ કર્યો છે.

**મહીસાગરના પટ્ટમાંથી ગેરકાયદે દોડતા વાહનો સામે ‘લાલ આંખ’**

# ઉમરેઠના ધારાસભ્યે ડમ્પરો રોકી પોલીસ પાસે સ્થળ પર દંડ કરાવ્યો

### ધારાસભ્યના એક્શનથી ડમ્પર ચાલકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા. ૧૭

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકામાં મહીસાગર નદીના પટ્ટમાંથી બેરોકટોક દોડતા ઓવરલોડ વાહનો અને ભૂમાફિયાઓ સામે ખુદ સ્થાનિક ધારાસભ્યએ રસ્તા પર ઉતરીને લાલ આંખ કરી છે. સુંદરપુરા-લાલપુરા વિસ્તારમાંથી ક્ષમતા કરતા વધુ રેતી ભરીને પસાર થઈ રહેલા ડમ્પરોને ઉમરેઠ-સુરેલી રોડ પર ધારાસભ્ય હર્ષદ પરમારે જાતે રોકીને કડક ચેકિંગ હાથ ધર્યું હતું. ધારાસભ્ય અચાનક એક્શન મોડમાં આવતા જ ગેરકાયદેસર ખનન અને વહન કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉમરેઠના આ વિસ્તારમાંથી સાદી રેતી ભરીને નીકળતા ડમ્પર ચાલકો નિયમોના ધજાગરા ઉડાવી રહ્યા હતા. ઓવરલોડ રેતી ભરવા છતાં ડમ્પર પર તાડપત્રી ઢાંકવામાં આવતી નહોતી, જેના કારણે હવામાં રેતી ઉડતી હતી અને પાછળ આવતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા હતા.

આ માર્ગ પરથી પસાર થતી વખતે ધારાસભ્ય હર્ષદભાઈ પરમારની નજરે આ જોખમી ડમ્પરો ચડ્યા હતા. તેમણે તાત્કાલિક ગાડી ઊભી રખાવી તમામ ડમ્પરોને લાઈનસર રોકી દીધા હતા અને સ્થળ પર જ તપાસ શરૂ કરી હતી. ધારાસભ્યએ આ ખુલ્લેઆમ થતા નિયમભંગ બદલ તાત્કાલિક ઉમરેઠ પોલીસને ઘટનાસ્થળે બોલાવી લીધી હતી.

પોલીસ કાફલો આવી પહોંચતા ધારાસભ્યએ નિયમ તોડનારા તમામ ડમ્પર ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા. પોલીસે સ્થળ પર જ તમામ ડમ્પરોને કાયદાનું ભાન કરાવી દંડની પાવતીઓ ફડાવતા ડમ્પર ચાલકમાં ફફડાટ ફેલાયો હતો.

**હાઈકોર્ટના ‘સ્ટેટસ ક્વો’ છતાં બાંધકામ ચાલુ?**

# નડિયાદ શહેરમાં ગેરકાયદે બાંધકામ બદલ નોટિસ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદના કોલેજ રોડ પર આવેલ શીતવંદન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા નિર્મિત કોમ્પ્લેક્ષમાં વ્યાપક ગેરકાયદેસર બાંધકામ અને ગુજરાત હાઈકોર્ટના હુકમની અવજ્ઞા મામલે ૧૧ જેટલા રહીશોએ એડવોકેટ મારફતે મ્યુનિસિપલ કમિશનરને નોટિસ ફટકારી છે.

નડિયાદના શીતવંદન ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા નિર્મિત કોમ્પ્લેક્ષના છઠ્ઠા માળના અનધિકૃત બાંધકામ અંગે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૬ઠ્ઠી મે ૨૦૨૬ના રોજ ‘સ્ટેટસ ક્વો’ (પરિસ્થિતિ જાળવી રાખવા) નો હુકમ કરવામાં આવ્યો હતો. આમ છતાં, બિલ્ડર અતુલ પટેલ અને વંદના પટેલ દ્વારા આ હુકમનો અનાદર કરી છઠ્ઠા અને સાતમા માળનું બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું હોવાનો આક્ષેપ નોટિસમાં કરાયો છે.

માહિતી અધિકાર હેઠળ મેળવેલી વિગતો મુજબ, બાંધકામમાં અનેક શરતોનો ભંગ થયો છે. બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોર પર પાર્કિંગની જગ્યાએ ગેરકાયદે રૂમો અને દુકાનો બનાવી દેવાતા રહીશોને વાહન પાર્ક કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. નકશામાં દર્શાવેલા ૨૨.૫ મીટરના કોમન પ્લોટ અને માર્જિનની ખુલ્લી જગ્યામાં પણ દબાણ કરી દુકાનો તાણી બાંધવામાં આવી છે. આ ઉપરાંત મંજૂર નકશામાં ૫ દુકાનો સામે સ્થળ પર ૮ દુકાનોનું નિર્માણ કરાયુ છે.

# નડિયાદ મ્યુનિ. કમિશનરના નામે સોશ્યલ મિડિયા પર ફેક એકાઉન્ટ

### સાયબર ગઠિયાઓએ કમિશનર કિરણ ઝવેરીના ડીપીનો દુરૂપયોગ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નડિયાદ મનપાના કમિશનર કિરણ ઝવેરીના નામ અને ફોટાનો દુરુપયોગ કરી સાયબર ગુનેગારો દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વ્હોટ્સએપ પર ફેક એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે. આ નકલી એકાઉન્ટ મારફતે વિયેતનામ અને નેપાળ જેવા દેશોના વર્ચ્યુઅલ નંબરોનો ઉપયોગ કરી નડિયાદના સ્થાનિકો અને કમિશનરના પરિચિતોને મેસેજ કરવામાં આવી રહ્યા છે, જેના કારણે તંત્રમાં દોડધામ મચી ગઈ છે.



Kiran B. Jhaveri
+977 971-3163785

પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ ફેક વ્હોટ્સએપ એકાઉન્ટ કોઈ ભારતીય નંબર પરથી નહીં પરંતુ વિદેશી નંબરો પરથી ઓપરેટ થઈ રહ્યા છે. એક એકાઉન્ટ વિયેતનામના નંબર +84 917042130 અને બીજું નેપાળના નંબર +977 9713163785 પર કાર્યરત છે. આ બંને નંબરો પર કમિશનરનો સત્તાવાર ફોટો પ્રોફાઈલ પિક્ચર (DP) તરીકે મૂકીને લોકો સાથે ચેટિંગ શરૂ કરવામાં આવ્યું છે.

સાયબર ભેજાબાજો આ નંબરો પરથી લોકોને તમે કેમ છો?” અને હાલમાં ક્યાં છો?” જેવા પ્રાથમિક સવાલો પૂછીને વાતચીત આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં વહીવટી અધિકારીઓના નામે વાર્તાલાપ શરૂ કર્યા બાદ નાણાકીય સહાય કે ભેટ સોગાદોની માંગણી કરી છેતરપિંડી આચરવામાં આવતી હોય છે. હાલમાં આ નકલી એકાઉન્ટ પાછળ કઈ ટોળકી સક્રિય છે તે અંગેની તપાસ ચાલુ છે, પરંતુ આ ઘટનાએ પાલિકાના વહીવટી વર્તુળોમાં ભારે ખળભળાટ મચાવ્યો છે.

# ખેડાની હાઈસ્કૂલ પાસે વાલીઓ - કાઉન્સિલરે ટ્રાફીક નિયમન કર્યું

### મહેમદાવાદ તરફથી આવતા વાહનોને ખેડા કેમ્પ તરફ વાળવાનો નિર્ણય લેવાયો

(પ્રતિનિધિ) ખેડા તા.૧૭

ખેડાની એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કૂલ પાસે શાળા છૂટવાના સમયે સર્જાયેલી એક ઘટનાના પગલે બુધવારે વાલીઓ અને સ્થાનિક કાઉન્સિલરમાં ભારે ચિંતા જોવા મળી હતી. બાળકોની સલામતીને અગ્રતા આપીને જ્યાં સુધી કલેક્ટર દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં ન આવે, ત્યાં સુધી શાળા છૂટવાના સમયે ભારે વાહનોની અવરજવર રોકવા માટે સ્વૈચ્છિક ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવ્યું હતું.

ખેડા પાલિકાના કાઉન્સિલર દિનેશભાઈ રાઠોડ અને અન્ય વાલીઓ આજે શાળા છૂટવાના સમયે વિઠ્ઠલપુરા પહોંચ્યા હતા. મહેમદાવાદ તરફથી આવતા તમામ ભારે વાહનોને ત્યાંથી ખેડા કેમ્પ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન વાલીઓએ વાહનચાલકોને ગઈકાલે બનેલી ઘટનાની ગંભીરતા સમજાવીને સહકાર આપવા વિનંતી કરી હતી.

આ ઉપરાંત શાળા સંકુલની બહાર પણ આજે વિશેષ તકેદારી જોવા મળી હતી. ગઈકાલની ઘટનાથી ચિંતિત વાલીઓ મોટી સંખ્યામાં પોતાના બાળકોને લેવા માટે શાળાએ પહોંચ્યા હતા. માત્ર વાલીઓ જ નહીં, પરંતુ શાળાના પ્રિન્સિપાલ રાજુભાઈ ગૌસ્વામી અને શિક્ષકો પણ બાળકોની સુરક્ષાની ચિંતામાં શાળાના મુખ્ય દરવાજાની બહાર ઉભેલા જોવા મળ્યા હતા.



સ્થાનિકોની માંગ છે કે, બાળકોના જીવના જોખમે દોડતા આ ભારે વાહનો પર નિયંત્રણ લાવવા માટે વહીવટી તંત્ર વહેલી તકે કાયમી જાહેરનામું બહાર પાડે. ત્યાં સુધી વાલીઓ અને સ્થાનિક અગ્રણીઓએ આ સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**